**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨/૬/૨૦૧૫ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૨૧/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૨ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨,૬૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૨૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૨૩/૧૫</u>**

**સરદારનગર :** મણીબહેન બાબુભાઇ બાવરી (રહે,ખોડીયારનગર, વિભાગ-૩, વૈશાલી સ્કુલની બાજુમાં, નોબલનગર, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૫/૧૫ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રાજેશ ઉર્ફે રાધો (જેના પુરા નામની ખબર નથી) (રહે.બિસ્કીટનાં કારખાનામાં, જી.આઇ.ડી.સી.નરોડા) મણીબહેનની પુત્રી નવલીબહેન (ઉ.વ.૧૬) ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૨૪/૧૫</u>**

**રાણીપઃ** કંચનબહેન બાબુભાઈ લેઉવા (રહે. બંધુનગર ફ્લેટ સ્નેહનગર સોસાયટી સામે રાધાસ્વામી રોડ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૬/૧૫ કલાક ૦૦/૩૦ થી સવારના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીનાં દાગીના કિમત રૂપિયા ૨૧,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એસ ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવઃ** બળદેવભાઈ જેઠાભાઈ ચાવડા (રહે.ગીરીરાજનગર, આદીનાથનગર, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૫/૧૫ સવારના ૧૦/૩૦ થી તા.૧/૬/૧૫ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી એસ બારીયા ચલાવે છે.

**રખિયાલ :** નયનાબહેન બિપીનચંદ્ર સોલંકી (રહે.જી.કોલોની, સુખરામનગર, રખિયાલ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૫/૧૫ સવારના ૧૧/૦૦ થી તા.૧/૬/૧૫ સવારના ૭/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કિમત રૂપિયા ૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એન.ચાવડા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૫/૧૫**

**મણીનગરઃ** રસ્મીનભાઈ ભગુભાઈ શાહ (રહે.મહેતા એવન્યુ સ્વામિનારાયણ કોલોની, હેવમોર આઈસ્ક્રીમ સામે, રામબાગ મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૫/૧૫ રાતનાં ૧૧/૩૦ થી તા.૧/૬/૧૫ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, મોબાઇલ ફોન નંગ-૨ સોનાની વિંટી નંગ-૨ અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૨૬/૧૫**

**વેજલપુર :** ધ્રુવીનભાઇ અશોકભાઇ પટેલ (રહેઃ પટેલવાસ, રામજી મંદિર પાસે, વાસણા) એ તા.૨૭/૫/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે વાસણા ટેલીફોન એક્સચેન્જની સામે, રોડ ઉપર પોતાની ફોક્સ વેગન પોલો કાર નંબર જીજે.૧.કે.એલ.૭૯૯૭ કિંમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૮/૫/૧૫ નાં કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ધ્રુવીનભાઇ પટેલે તા.૧/૬/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**ઓઢવઃ** બાબુભાઈ મેઘજીભાઈ દેસાઈ (રહે.રત્નમાલા સોસાયટી, મહેશ્વરી રોડ, ઓઢવ) એ તા.૨૪/૫/૧૫ સાંજના ૭/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે.૧.બીએક્સ.૪૦૪૯ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૫/૫/૧૫ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ બાબુભાઈ દેસાઈએ તા.૧/૬/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સેટેલાઇટ :** વિહામભાઈ પ્રશાંતભાઇ શાહ (રહે.નારાયણપુરા સંસ્કાર ભારતી સોસાયટી, અંકુર ચાર રસ્તા પાસે) એ તા.૩૧/૫/૧૫ સાંજનાં ૭/૦૦ વાગે પોતાની હુન્ડાઇ સેન્ટ્રો કાર નંબર જીજે.૧.એચ.જે.૩૫૧૭ કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ વિહામભાઈ શાહે સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભગવાનભાઇ મોતીભાઇ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૨૭/૧૫</u>**

**દાણીલીમડા :** મોહંમદયુનુસ ઉસ્માનભાઇ શેખ (રહે,અલમુબારક કોમ્પ્લેક્ષ, સુલેમાની મસ્જીદ પાસે, ચંડોળા, દાણીલીમડા) એ તા.૧/૬/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૫/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના પિતા ઉસ્માનભાઇ શેખ (ઉ.વ.૬૦) પોતાના ઘર નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા સ્કુટરનાં ચાલકે પોતાનું સ્કુટર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, ઉસ્માનભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૫/૧૫ બપોરનાં ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પોસઇશ્રી એન.એસ.પરમાર ચલાવે છે

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)